Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# ભદ્દ ખડકી કવિતાનો કળાત્મક નવોન્મેષ

-ડૉ. ભરત સોલંકી

'ભદ્દ ખડકી' યોગેશ વૈદ્યનો પ્રથમ વિશિષ્ટ કાવ્યસંગ્રહ છે. ઇ.સ.૨૦૨૩ માં પ્રકાશિત આ કાવ્યસંગ્રહ સ્વરૂપ વૈવિધ્ય તેમજ વિષયવૈવિધ્યની દ્રષ્ટિએ આગવું વૈવિધ્ય ધરાવે છે. સંગ્રહ કરવાની ઉતાવળ નહીં, નામ કમાવાની મોહમાયા નહિ, માત્ર અને માત્ર કવિતા અને કળાપદાર્થની ખેવના અને વફાદારી આ કવિની આગવી ઓળખ છે. ગુજરાતી સાહિત્યનાં ભિન્ન ભિન્ન સામાયિકોમાં તેમની કવિતાઓ પ્રગટ થતાં તેમણે કાવ્યભાવકો અને વિવેચકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

'ભદ્દ ખડકી' માં કુલ સાંઇઠ જેટલા કાવ્યો છે. જેમાં ગીત, ગઝલ, સૉનેટ, અછાંદસ વગેરે સ્વરૂપ વૈવિધ્ય તો છે જ તો સાથે સાથે વિષયવસ્તુની દ્રષ્ટિએ વિચાર કરીએ તો આ કવિની કવિતાનું વિશ્વ મુખ્યત્વે પ્રદેશવિશેષ, સ્થળવિશેષ, વતનવિશેષ મુખ્ય છે. પ્રદેશવિશેષના સંદર્ભમાં જોઇએ તો આ કવિની કવિતા જૂનાગઢ, ગીરના વાતાવરણમાં લઇ જાય છે. આ કવિતાસૃષ્ટિમાં ગીર, જંગલ, સાવજ, ગીરની પ્રજા, ત્યાંની જીવન જીવવાની રીતભાત, પ્રજાની ખુમારી પ્રગટ થાય છે. ગીર વિષયક કાવ્યોની વાત કરીએ તો અહીં કેટલાંક કાવ્યોનાં શીર્ષકમાં જ ગીર પ્રકટે છે. જેમ કે, 'ગીરમાં પાનખર', 'ગીરમાં વરસાદ', 'ગીરના નેસમા રાત' વગેરે છે. ગીરમાં પાનખર કેવી હોય તે વર્ણવતા કવિ લખે છે;

'દૂર દિશામાં ભૂખરો ગાયક અટકયો એક જ સૂરે,
કવચિત્ ખાખરો ધૂણી, હવાની બરછટ પીઠ વલૂરે,
ખરે મંજરી ફાટી ભોં પર, કણ કીડિયારાં પૂરે,
વીખે, બનાવે ધૂળની ઢગલી, એકલ કેડો ઝૂરે' (પૃ. ૧)

આમ ગીરમાં પાનખરના વાતાવરણને કવિ પ્રકૃતિની સામગ્રીનો કવિ સુંદર વિનિયોગ કરી એ વાતાવરણ પ્રગટાવે છે તે જ રીતે 'ગીરમા વરસાદ' નો આરંભ પણ એટલો જ વિશિષ્ટ છે.

'વરસે આખી પ્રથમી પર પણ ગીરમાં મોટાં ફોરાં,
બજ્યાં પખાવજ સાગપાનનાં, વનને છૂટ્યા તોરા'(પૃ.૨)
'છૂટી ગયો ઝરણાંનો ભારો, વહેવા લાગ્યા વ્હોળા
હવા વૃક્ષને તેડી લઇને નાંખે ધીમા હીંચોળા' (પૃ.૨)

આમ ગીરના વરસાદને કવિ ભિન્ન ભિન્ન પ્રકૃતિના રૂપો દ્વારા પ્રગટ કરે છે.

'ગુંદાળા ગામ' માં કવિ વતન પ્રેમને પ્રગટ કરે છે. અછાંદસ દિર્ધકાવ્યમાં કવિએ નાના નાના ગુચ્છમાં ગુંદાળા ગામના ભિન્ન ભિન્ન ચિત્રો રજૂ થયા કેટલાક ગુચ્છ જોઇએ તો;

‘ગાયોની ખરીઓમાં ગૂંદાતી શેરીઓ
બળદના ઘૂઘરાની પડછંદી ગુંજ
રાંદલમાં તેડયાનો ઘોડો ખૂંદાય જાણે
હમચીમાં ઓતપ્રોત પડને પરસાળ
દીકરીયું ઓસરીએ આળેખે મોરલા
ફળિયાઓ સોઇ-દીઠા ચોખ્ખાચણાક’ (પૃ.૭)

ઉપરના કાવ્યગુચ્છમાં કવિ ગુંદાળા ગામ ગામની શેરી, ઘર, ઘરની સ્વચ્છતા વગેરેને વર્ણવે છે તો આગળના ગુચ્છમાં આ ગામ, આ વિસ્તારની છોકરીઓ ને સ્ત્રીઓની તાકાત વર્ણવતા કવિ લખે છે;

‘છોકરીયું જોરકઢી એવી કે
સાવજનાં પગલાંઓ વીણીને લાવી છે
વીણવાને ગઇ’તી અડાયાં
ઊભા તે વાડમાં
ઊજરતાં દીપડીનાં નાનાં બચોળિયાં
ને ધાવણની ધાર છૂટે બાયું ને ગામમાં’(પૃ.૮)

‘ગુંદાળા ગામ’ ની જેમ જ ‘તને બગસરા’ પણ દીર્ઘ અછાંદસ રચના છે. આજે વિકાસ કરવા અર્થે લોકો ગામ છોડી શહેર તરફ દોડે છે. ગામ તૂટવા લાગ્યા છે. ગામ, શેરી, ઘર ભેંકાર બન્યા છે. આ ભાવ-સંવેદનને કવિ આ રીતે પ્રગટ કરે છે;

‘એય બગસરા
તું તો ભાંગતું ગામ !
હરએક તારા સ્વર્ણશૃંગ પર તું ભાંગ્યુ છે
કોણ બચ્યું છે અહીંયા !
કોણ રહ્યું છે તારું થઇને !
ઘર ઘર ખાલી
સૂની શેરીઓ
સીમ-સીમાડા સૂનાં
કેટકેટલાં રત્નો તારી કૂખે જન્મ્યાં
ખોળો ખુંદ્યાં
ઊભા થઇને વહી ગયાં સહુ દૂર
પારકે દેશ થઇને
મુગટમણિ થઇ સોહ્યાં છે સહુ’ (પૃ.૨૧)

જેને આખા કાવ્યસંગ્રહનું શીર્ષક આપ્યુ છે તે 'ભદ્દ ખડકી' આઠ સૉનેટમાળા છે. આ સૉનેટમાળામાં કવિ જીવાયેલા જીવનની ક્ષણોને વગોળે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભદ્દ ખડકીનાં પરિવેશને જીવંત કરે છે. 'વિહંગાવલોકન' શીર્ષકયુક્ત પ્રથમ સૉનેટમાં કવિ ભદ્દ ખડકીનો નકશો સમજાવી દે છે ને ભદ્દ ખડકીમાં કવિ ભાવકનો પ્રવેશ કરાવી દે છે. શેકસપિયર સૉનેટના પ્રથમ ચતુષ્કમાં કવિ લખે છે;

'ઉપર નભમાં પાંખ પસારી સમળી મંથર તરતી,
નીચે ઢેકા-ઢાળ જૂનાગઢ, ઝરઝર ખેપટ ખરતી,
વાદળ આવે-જાય, પાડતાં ભાત છાંયડી-તડકી,
ઊભી અધૂકડી મહાલક્ષ્મીના ઢોળાવે ભદ્દ ખડકી' (પૃ.૨૭)

આ સૉનેટમાં આગળ જતાં કવિ આ ખડકીના ઘર, ફળિયા, શેરી, ડેલીઓ, હલાણ, લોક, લોકસ્વભા વગેરેને વર્ણવે છે.

'જયાગૌરી અને જેન્તીલાલ શાસ્ત્રીનું ઘર' સૉનેટના પ્રથમ ચતુષ્કમાં કવિ લખે છે;

'અંધારામાં નળ ખખડે ને દાદી ઊઠે સફાળાં,
ટગરફૂલશી સવાર પાડે માથે હાથ હૂંફાળા,
ઓરસિયા પર શ્લોક પ્રસરતો દાદા ચંદન ઘસતા,
ઘરના નાના ખૂણે કેટલાં ઇશ્વર આવી વસતા' (પૃ.૨૭)

'રંભામા' તેમજ 'રસિકભાઇની ઓરડીનો પોપ' અને 'ગિરજામાનો પડિયો', રેખાચિત્રોની કક્ષા સુધી પહોંચે છે. તો 'કંપ-ભૂકંપ' માં ભૂકંપ સમયની ગુજરાતની બિહામણી દુર્દશા વ્યક્ત કરી છે.

'ધણધણ ધણણણ ધરા ધ્રુજી, ધબકાર ચૂકી ગઇ ખડકી,
એકસામટી ભયની મારી હજાર ભીંતો ભડકી,
છેક મૂળમા જઇને પાડી જારણચીસ ઇંટોએ,
ખેતલિયાને પૂજનારાની આણ ન રાખી ભોંએ' (પૃ.30)

એ જ રીતે 'પડઘા એક' અને 'પડઘા-બે' મા પણ ભૂકંપ પછીના દૃશ્યો ને શેરી, ગામ, ઘરના તૂટ્યા-ફૂટ્યા જનજીવન અને ઘર-શેરીને વર્ણવ્યા છે.

'બારણા' અંતર્ગત ત્રણેક કાવ્યો બારણા વિષયક સંવેદનને કવિ વર્ણવે છે. 'બારણું ઉઘાડવા વિશે' શીર્ષકયુક્ત પ્રથમ રચનાનો આરંભ કવિ આ રીતે કરે છે;

'બારણું
ઉઘાડી નાખ્યું છે મેં
ઢીચણ પર હાથ ટકવી
ઊભો થયો
અંધારે ભીંત ફંફોસતાં ફંફોસતા

બંધ બારણા સુધી પહોંચી
વાસેલી સાંકળ ઉતારી'(પૃ.૩૩)
'ખુલ્લા બારણા' નો બીજો અંતરો જોઇએ;
'ગમે તેને
ગમે ત્યારે
આવવા ને જવા દેતા આ ખુલ્લાં બારણાં
એમ તો સાવ જ ખુલ્લાં નથી હોતા !
હકીક્તમાં
બંધ બારણાંથી પણ વધુ બંધ
અને અકળ હોય છે
આ ખુલ્લા બારણાં'(પૃ.૩૪)

ગીત અને અછાંદસની જેમ કવિ કેટલીક નખશીખ ગઝલો પણ આપે છ. 'તમને મળવું છે' ના બે શેર જોઇએ;

'જરઠ શબ્દોનું વજજરપોત તોડીને નીકળવું છે,
તમે કયાં છો એ મારા શબ્દ મારે તમને મળવું છે.
પ્રતીક્ષા છે યુગોથી એક રાતાચોળ સૂરજની,
યુગોથી વૃક્ષના આ હિમખંડોને પીગળવુ છે'(પૃ.૯૬)

ગીર અને પર્વતોની વચ્ચે શ્વસતા કવિ 'પહાડો ય જીવ્યો છું' માં કવિ લખે છે;

'તિરાડોથી ભર્યો છું ને તિરાડોમાં જીવ્યો છું હું,
આ સંશયગ્રસ્ત ને સૂના મહાલોમાં જીવ્યો છું હું.

* * *

ઉછેર્યું છે યુગોથી ખીણનું પોલાણ છાતીમાં,
ને લાગ્યું છે કે હંમેશા પહાડોમાં જીવ્યો છું હું (પૃ.૯૭)

આમ અહીં નોંધેલી કવિતા ઉપરાંત અન્ય કેટલીક કવિતાઓમાં 'સગડ', 'ઘુવડ', 'એક રાત', 'મારો વિદ્રોહ', 'હિમ કટક', 'સુખ, પ્રેમ', 'મંગળફેરા', 'નદીનું સત્ય', 'તાળીઓ', 'તેઓ' વગેરે પણ આગવી વસ્તુ અને અભિવ્યક્તિ લઇને આવે છે. આ સંગ્રહના કેટલાંક અલંકારો વિશેષ આસવાદ્ય છે.

'જંગલ માથે હાથ ફરે છે અંધકારનો કરડો,
મક્કમ મૂંગો વધી રહ્યો જાણે અજગરનો ભરડો'.

* * *

કશે ઉડાડી લઇ જાશે આ ફૂદાં ઓઢણી લીલી,
કીડી-મકોડા ઊભર્યા, જાણે ધરા ગોળની ભીલી.

*  *  *

બળદના ઘૂઘરાની પડછંદી ગુંજ,
રાંદલમાં તેડયાનો ઘોડો ખૂંદાય જાણે.

*  *  *

તડબૂચનાં જેવડાં ઊગતાં ટામેટાં,
ને તલવારો જેવડી વાલોળ છે !

ગીર-સોમનાથ-સૌરાષ્ટ્રના લય-લહેકા અને તળપદા શબ્દો પણ આ કવિતાની અભિવ્યક્તિમાં ઉમેરણ કરે છે. 'પડ્યા દટ્ટડા', 'વંડા વચ્ચે ધખે', 'સગડ મળ્યા છે', 'મૂંગામંતર થાય પહુડા', 'ઝીણકું ગામ', 'વન વન પહોચ્યો વાયરો', 'ધોળી વોંકળી', 'પીઠી ચોળે માવડી' વગેરે નોંધપાત્ર છે.

આમ સમગ્ર રીતે જોતાં યોગેશ વૈદ્યનો 'ભટ્ટ ખડકી' કાવ્યસંગ્રહ સાંપ્રત સમયગાળામાં કવિતા કરતા કવિઓમાં આગવી ભાત પાડે છે. પરંપરામાં રહીને પણ પ્રયોગ કરતાં આ કવિ વતનપ્રેમ, વતન વિચ્છેદ શૈષવસ્મૃતિ વગેરેને તથા ગીર-સોમનાથના સમગ્ર અસબાબને કળામય ઓપ આપીને પોતાની કવિ તરીકે આગવી ઓળખ ઊભી કરે છે. અંતે કહી શકાય કે યોગેશ વૈદ્યની 'ભટ્ટ ખડકી'ની કવિતામાંથી પસાર થતાં સહુ ભાવકને પોતપોતાની 'ભટ્ટ ખડકી' જ લઇ જવાની ક્ષમતા ધરાવે છે.

પાદટીપ **:**

૧. ભટ્ટ ખડકી : કવિ યોગેશ વૈદ્ય
ઝેન ઓપ્સ પબ્લિકેશન,
પ્રથમ આવૃત્તિ-૨૦૦૩,
કિંમત-૨૫૦

---

ડૉ. ભરત સોલંકી
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ